પ્રજાને થતાં અન્યાયો અને ફરિયાદોને વાચા આપતું એકમાત્ર સાપ્તાહિક

अब तो एक ही आग ''जन फरियाद''

now on Internet www.janfariyadnews.com

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. GAMC/1185

# જન ફરિયાદ

તંત્રીઃ પ્રદિપ રાવલ
સહતંત્રી :મીનાક્ષી રાવલ સાપ્તાહિક

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. G-GNR-286
S.S.P.O.'S Gandhinagar
Velid Up to : 31 Dec., 2014
Rs.2-00, Annual : Rs.100-00

Gandhinagar Office : Block No. 677/2, "GH" Type, Sector-8, Gandhinagar

■ વર્ષ-29 ■ અંક-16 ■ તા. 04-5-2025 ■ રવિવાર ■ પાના - 2 ■ કિંમત રૂા. 2/- ■ વાર્ષિક લવાજમ : 100 રૂા. ■ મુખ્ય કાર્યાલય : બ્લોક નં. 677/2, 'ઘ' ટાઈપ, સેક્ટર-8, ગાંધીનગર (મો.) 98246 53073 (નિ.) 23238022 ■ Email : prdpraval@yahoo.co.uk



Green Card for USA by EB 5 investor visa
NEWS OF GANDHINAGAR (DAILY)
USA #EB5Visa #Greencard
Call / Whats up No 09824653073

# પાકિસ્તાનને વધુ એક ઝટકો, ભારત સરકારે પાક. આર્મીની ઓફિશિયલ યુટ્યુબ ચેનલ બ્લોક કરી




પહલગામ આતંકવાદી હુમલા બાદ ભારત પાકિસ્તાન સામે કડક નિર્ણયો લઈ રહ્યું છે. બુધવારે સાંજે ભારતે પોતાના એર સ્પેસ પાકિસ્તાન માટે બંધ કરી દીધા અને આજે સવારે પાકિસ્તાનના ૈંજીંઈ ઑફિશિયલ યુટ્યુબ ચેનલને પણ ભારતમાં બ્લોક કરી દીધા છે. આ પહેલાં કેન્દ્ર સરકારે પાકિસ્તાનની અનેક હસ્તીઓના યુટ્યુબ ચેનલ અને પાકિસ્તાનના રક્ષા મંત્રી ખ્વાજાનું સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઠ બ્લોક કરી દીધું હતું.ભારતમાં હવે ડૉન સહિત ૧૬ પાકિસ્તાની યુટ્યુબ ચેનલ બ્લોક છે. ભારતે ભારતીય સેના, ભારત સરકાર, ભારતીય સુરક્ષા એજન્સી સામે ખોટી, ભ્રામક, જૂઠી અને ભડકાઉ સૂચનાઓ પ્રસારિત કરવાને લઈને પાકિસ્તાનના યુટ્યુબ અને ઠ હેન્ડલને ભારત માટે બ્લોક કરવાનો નિર્ણય લીધો છે.

જણાવી દઈએ કે, ભારતે પાકિસ્તાન માટે પોતાના એર સ્પેસ પણ બંધ કરી દીધું છે. ભારતે આ સંદર્ભમાં ૩૦ એપ્રિલે નોટિસ ટૂ એરમેન એટલે દ્ગંછસ્ પણ જાહેર કર્યું છે અને ૨૩ મે સુધી આ લાગુ રહેશે. નોટમ જાહેર થયા બાદ પાકિસ્તાનની કોઈપણ એરલાઇનનું કોઈપણ વિમાન ભારતના એર સ્પેસમાં ઘુસી નહીં શકે. ભારતીય એર સ્પેસ બંધ થવાની પાકિસ્તાનને મોટો ઝટકો લાગ્યો છે. કારણ કે, ભારતીય એર સ્પેસ બંધ થયા બાદ પાકિસ્તાની એરલાઈન્સને દક્ષિણ પૂર્વ એશિયાઇ દેશોમાં જવા માટે શ્રીલંકા અને ચીનના એરસ્પેસમાં એન્ટ્રી કરવી પડશે. આવું કરવાથી હવાઈ રસ્તો લાંબો થઈ જશે, જેના કારણે એરલાઈન્સનો ખર્ચ વધી જશે. ખર્ચ વધશે તો એરલાઇન્સ ટિકિટ મોંઘી કરશે, જેનો ભાર તેના ખિસ્સા પર પડશે. એરલાઈન્સ અને લોકોના ખિસ્સા પર ભારણ પડશે અને લોકોનો સમય પણ બગડશે. જણાવી દઈએ કે, ભારતે પાકિસ્તાની કલાકારોના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર પણ પ્રતિબંધ લગાવી દીધો છે, જેમાં માહિરા ખાન અને હાનિયા આમીર પણ સામેલ છે. પ્રતિબંધિત પાકિસ્તાની હસ્તીઓમાં અલી ઝફર, સનમ સઈદ, બિલાલ અબ્બાસ, ઈકરા અઝીઝ, આયઝા ખાન, ઈમરાન અબ્બાસ અને સઝલ અલીના નામ પણ સામેલ છે. પાકિસ્તાનના પ્રમુખ ચેનલ જેવા કે, હમ ટીવી, છઇરૂ ડિજીટલ અને જીયો ટીવી ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ્સ પર પણ પ્રતિબંધ લગાવી દેવાયો છે.

## ભારત રક્ષા મંચ નો બે-દિવસીય પ્રાંતીય અભ્યાસ વર્ગ ગુજરાત વિદ્યાપીઠ ખાતે યોજાયો

આ કાર્યક્રમમાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ ગુજરાત પ્રાંત સંઘચાલક ડૉ. ભરત પટેલ ની પ્રમુખ ઉપસ્થિતિ રહી. આ સમયે ડો. ભરત પટેલ એ હિન્દૂ સનાતની લોકોને પોતાના હિન્દૂ સનાતની વ્યવહારો વિષે અને પોતાના હિન્દૂ ધર્મ પ્રત્યેનું માર્ગદર્શન આપ્યું . સાથે સાથે બાંગ્લાદેશી ઘુસણખોરો અને દેશની અંદર ઉભી થયેલી અરાજકતા વિષે પણ તેમનું પોતાનું બૌદ્ધિક માર્ગદર્શન આપ્યું હતું. આ પ્રસંગે ભારત રક્ષા મંચ ના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ લક્ષ્મીનારાયણ શર્મા, રાષ્ટ્રીય સંગઠન મંત્રી પ્રશાંત કોટવાલ , ગુજરાત પ્રાંત અધ્યક્ષ ડૉ. ઈલેવાન ઠાકર, રાજસ્થાન પ્રાંત અધ્યક્ષ લવેશ ગોયેલ, ભારત રક્ષા મંચ ના પ્રાંત મહામંત્રી પ્રશાંત પરમાર વગેરે પ્રમુખ રીતે ઉપસ્થિત રહયા હતા. અને ગુજરાત રાજ્યના મોટાભાગના દરેક જિલ્લામાંથી પદાધિકારોની ઉપસ્થિતિ રહી હતી. આ અભ્યાસવર્ગના રવિવાર ના રોજ સમાપન વખતે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ ના ગુજરાત રાજ્યના કાર્યવાહ શૈલેષભાઇ પટેલની ઉપસ્થતિ રહેશે અને વર્તમાન સ્થિતિ વિષે અભ્યાસવર્ગની અંદર માહિતી રજુ કરશે.

ભારત દેશના દરેક રાજયમાં એનઆરસી અપડેટ થાય તેની માંગ અને ચિંતા અભ્યાસવર્ગની અંદર કરવામાં આવી અને ગુજરાત પ્રાંતના દરેક પદાધિકારીઓ અને રાજસ્થાન પ્રાંતના દરેક પદાધિકારીઓ દ્વારા દેશની સરકારને આહવાન કરવામાં આવ્યું કે આખા દેશની અંદર એનઆરસી અપડેટ કરે તેવી માંગ કરવામાં આવી.

## આધુનિક ટેક્નોલોજીના મહત્તમ ઉપયોગ થકી નાગરિકોને ઝડપી અને અસરકારક મહેસૂલી સેવાઓ પૂરી પાડવા રાજ્ય સરકાર હર હંમેશ પ્રયત્નશીલ : અધિક મુખ્ય સચિવ

આણંદમાં જિલ્લા કલેકટરશ્રીઓની કોન્ફરન્સમાં મહેસૂલ વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રીમતી જયંતિ રવિએ મહેસૂલ વિભાગની કામગીરીને વધુ અસરકારક બનાવવા માનવબળને તાલીમબદ્ધ કરવા સાથે તેમના ક્ષમતા વર્ધન, નવા વિચારો, અન્ય જિલ્લાઓમાં થયેલ બેસ્ટ પ્રેક્ટિસિસ અને આધુનિક ટેક્નોલોજીના મહત્તમ ઉપયોગ થકી નાગરિકોને ઝડપી અને અસરકારક મહેસૂલી સેવાઓ પૂરી પાડવા જણાવ્યું હતું.

આણંદમાં એન.ડી.ડી.બી. ખાતે મહેસૂલ વિભાગ દ્વારા આણંદ જિલ્લા પ્રશાસનના સહયોગથી કલેકટર કોન્ફરન્સને સંબોધતા શ્રીમતી જયંતિ રવિએ ઉમેર્યું હતું કે, સામાન્યમાં સામાન્ય માનવીને સરકારની કલ્યાણ યોજનાઓનો વ્યાપક લાભ સરળતાથી મળે તે જ આપણો ધ્યેય હોવો જોઈએ. આ અંગે સરકારી યોજનાઓના અસરકારક અને સુચારૂ અમલ માટે જિલ્લા ટીમને પ્રશાસક તરીકે કલેકટરો યોગ્ય માર્ગદર્શન આપે તે જરૂરી છે.

અધિક મુખ્ય સચિવશ્રીએ જિલ્લા કલેકટરોને પોતાના જિલ્લાના અન્ય સહયોગી અધિકારીઓ સાથે સમયાંતરે બેઠકો યોજીને વિકાસકાર્યોની પ્રગતિ, જનસમસ્યાના નિરાકરણની સ્થિતી-ઝડપ અંગે




સતત ફોલોઅપ રાખવા પણ ભારપૂર્વક જણાવ્યું હતું.

દરેક જિલ્લામાં ઉનાળાની ઋતુમાં હિટ વેવને અનુલક્ષીને લેવાના તકેદારીના પગલાં, ચોમાસા પૂર્વે કરવાની કામગીરી, પીવાના પાણી પરિસ્થિતિની સમીક્ષા કરી સુચારૂ વ્યવસ્થા કરવા તેમણે જિલ્લા કલેકટરોને સૂચના આપી હતી.તેમણે જિલ્લા સ્તરે અન્ય સરકારી વિભાગો સાથે સંકલન સાધી એક ટીમ તરીકે સમગ્રતયા સમયમર્યાદામાં નાગરિકોના પ્રશ્નોનો યોગ્ય હકારાત્મક નિકાલ કરવા અનુરોધ કર્યો હતો.આ કોન્ફરન્સમાં અધિક મુખ્ય સચિવ શ્રીમતી જયંતિ રવિએ આઈ.ઓ.આર., ઈ- ધરા, આઈ .આર.સી.એમ.એસ., આર.આઈ.સી., વિજિલન્સ કમિશનના બાકી પડતર કેસો, ખાસ પ્રોજેક્ટ માટે જમીન સંપાદન કામગીરી, સરકારી જમીનની બાકી ફાળવણી, આપત્તિ વ્યવસ્થાપન, સ્વામિત્વ યોજના તથા રિ - સર્વે વાંધા નિકાલ કામગીરીની વિસ્તૃત સમીક્ષા કરી જરૂરી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.મહેસૂલ તપાસણી કમિશનર અને સચિવશ્રી રાજેશ માંજુ, સુપ્રિટેન્ડેન્ટ ઓફ સ્ટેમ્પ્સશ્રી જેનુ દેવન, સેટલમેન્ટ કમિશનરશ્રી બિજલ શાહ, જમીન સુધારણા કમિશનરશ્રી ભાવિન પંડ્યાએ મહેસૂલી કામગીરી અંગે કલેકટરોને માર્ગદર્શન આપ્યું હતું.

## "જેવી કરણી તેવી જ ભરણી"




વર્ષો પહેલાની વાત છે. મહારાષ્ટ્ર અને ગુજરાત હમણાં હમણાં જ તો બે જુદા રાજ્યો બન્યા હતાં. મુંબઈ ભલે મહારાષ્ટ્રની રાજધાની નહોતું, પણ એની ગણના નાણાકીય પાટનગર જેવી જ હતી. એનો દબદબો, શોભા એ જાળવી રહ્યું હતું, અને એનું એક ઉપનગર વિલે પાર્લે એક સાંસ્કૃતિક ધામ જેવું ગણાતું. જૂની બાંધણીના બંગલાઓ એની જાહોજલાલી હતી.

એવી જ એક વાડીના બંગલામાં એક ધનાઢ્ય મારવાડી કુટુંબ રહેતું હતું. મબલખ પૈસો અને છોગામાં પિતા વ્યવસાયે ડૉક્ટર. બાપદાદાના જમાનાથી જમીનમાં રોકાણ અને હજી તો જ્યાં જનજીવન એટલું વિકસ્યું નહોતું ત્યાં પણ કેટલાય એકર જમીન ખરીદી રાખી હતી. બાંકેલાલજીને તો પોતાના ડૉક્ટરી વ્યવસાયમાં જરાયે ફુરસદ નહોતી કે જમીનની જાળવણી કે દેખભાળ કરે. બોરીવલીની આગળ તો કોઈ જવાની પણ કલ્પના ના કરે ત્યાં એમણે કેટલીક જમીન ખરીદી રાખી હતી, આ જમીન પર ત્યાંના માફિયાઓની નજર ગીધની જેમ મંડરાતી રહેતી. શરૂઆતમાં તો બાંકેલાલ પાસે જમીન ખરીદવા ફોન આવતાં, પણ સાવ પડતર ભાવે જમીન વેચવા બાંકેલાલ તૈયાર નહોતા.

એમનું કુટુંબ પણ વૃદ્ધિ પામી રહ્યું હતું, બે દીકરા અને બે દીકરીઓથી ઘર ભર્યું ભર્યું હતું. બાળકો મોટા થતાં જતાં હતાં અને ભવિષ્યમાં એ જમીન પર ઘર બાંધવાના મનસુબા બાંકેલાલના મનમાં ઘોળાતા.

મોટો દીકરો સ્વભાવે થોડો ધૂની, ભણ્યો તો ખરો પણ છૈંજૈંષ્ઠ. એ જમાનામાં માનસિક વિકલાંગ બાળકોના આ પ્રકાર વિશે લોકોને પૂરતી માહિતી નહોતી. છૈંજૈંષ્ઠ બાળકો ઘણા હોશિયાર હોય, પણ દરેક બાબત એમની મરજી મુજબ થવી જોઈએ. લોકો મોહનને અર્ધા ગાંડામાં જ ગણી લેતા અને શહેરમાં એના લગ્ન માટે યોગ્ય કન્યા મળવાની મુશ્કેલી હોવાથી બાંકેલાલ દૂર ગામડેથી કન્યા શોધી લાવ્યા. મારવાડી રિવાજ મુજબ કન્યાના માતાપિતાએ દીકરીને મોટું દહેજ પણ આપ્યું. મબલખ પૈસો હોવાં છતાં ચમડી તૂટે પણ દમડીના છૂટે એવા સ્વભાવ વાળા બાંકેલાલે બીજા જ વર્ષે વહુના દહેજને પોતાની દીકરીને પરણાવવામાં આપી દીધું.

મોહનની પત્નીથી આ સહન ના થયું, પતિને કહેવાનો તો સવાલ જ નહોતો, કારણ બાંકેલાલ સામે ઘરમાં બોલવાની કોઈની તાકાત નહોતી. સાસુ અને નણંદની જોહુકમી અલગથી!!

વહુએ દીકરાને જન્મ આપ્યો પણ પતિનું ધૂનીપણું અને સાસરિયાના ત્રાસથી કંટાળી પંદર દિવસના બાળકને લઈ પાડોશીની મદદથી એણે રાતોરાત પિયરની વાટ પકડી લીધી. થોડા વખતમાં જ મોહનને ભર બપોરે બજાર વચ્ચે માફિયાઓએ ચાકૂના વાર કરી રહેંસી નાખ્યો અને ધમકી આપતાં ગયા કે કોઈ એના શરીરને હાથ પણ લગાડશે તો એની પણ ખેર નહીં રહે. આટલી ધમકી પછી પણ બાંકેલાલ જમીન વેચવા તૈયાર નહોતા. મુંબઈ વિકસી રહ્યું હતું. લોકો વસઈ, વિરાર સુધી રહેવા જવા લાગ્યા હતાં અને જમીનના ભાવ વધવા માંડ્યા હતાં. મોટા દીકરાના કમોતના આઘાતમાં મા પણ દુનિયા છોડી ગઈ પણ બાંકેલાલની વિચારધારા ના બદલાઈ.

બીજા દીકરાને પરણાવવા પાછો એ જ રસ્તો અપનાવ્યો. દૂર ગામડેથી છોકરી શોધી લાવ્યા. મોટા દહેજ સાથે કન્યા ઘરે આવી.

કહેવત છે કે હાથના કર્યા હૈયે વાગ્યાં એ જ હાલત બાંકેલાલની થઈ. મોટી દીકરીના સાસરિયાં પણ એવા જ માથાભેર મળ્યાં. બાંકેલાલની સંપત્તિની એમને ખબર હતી અને વહુને રોજ વધુ દહેજ માટે સતાવવા માંડ્યા, છેવટે થાકીને દીકરી પાછી ઘરે આવી ગઈ.

નાની દીકરીને પરણાવી તો ખરી પણ છ મહિનામાં જ એનો પતિ રેલ્વે અકસ્માતમાં મૃત્યુ પામ્યો અને સાસરિયાએ વહુને છપ્પરપગી, વરને ભરખી જનારી કહી ઘરમાંથી કાઢી મુકી.

બાંકેલાલનો નાનો દીકરો ઍંજિનિયર થઈ નોકરી અર્થે બેંગલોર રહેતો હતો, મહિને બે મહિને અઠવાડિયું રજા પર ઘરે આવે. ઘરમાં બે નણંદોને નાની વહુ પર દાદાગીરી કરવા મોકળું મેદાન મળી ગયું. પોતાના પર થયેલ ત્રાસનો બદલો નાની વહુને સતાવી લેવા માંડ્યા. થોડો વખત તો વહુએ સહન કર્યું, પતિને ફરિયાદ પણ કરી પણ કાંઈ વળ્યું નહીં. સામેના બંગલામાં રહેતા રમેશ જોડે દિલ મળી ગયું અને એક રાતે ઘરની તિજોરી સાફ કરી વહુ રમેશ સાથે ભાગી ગઈ. વહુ પણ ગઈ અને પૈસા પણ ગયા એ આઘાતમાં બાંકેલાલ પણ હૃદયરોગના હુમલામાં મરણ પામ્યા.

ઘરમાં બે દીકરીઓ અને ભાઈ રહ્યાં પણ કોઈને ખબર નહોતી કે વસઈની જમીનના કાગળીયાં ક્યાં છે અને માફિયાઓએ તો ક્યારની એ જમીન પચાવી પાડી ત્યાં બહુમાળી ઈમારતો ઊભી કરી દીધી હતી.

થોડા જ વખતમાં ભાઈનુ કાર એક્સિડન્ટમાં અવસાન થયું અને મોટી બહેન કેન્સરના રોગમાં રિબાઈ રિબાઈને મરી.

વિલે પાર્લેમાં વસતી વધવા માંડી. સાઉથ મુંબઈ પછી પાર્લા ખરીદીના ક્ષેત્રમાં પણ આગળ પડતું ઉપનગર ગણાવા માંડ્યું. વાડીઓ તૂટી મકાનો બનવા માંડ્યાં. મોટી મોટી કંપનીઓ કરોડોની કિંમતે જમીન ખરીદવા માંડી. બાંકેલાલના બંગલાનો પણ પચાસ કરોડમાં સોદો થયો અને નાની દીકરીને નવા બંધાયેલા બિલ્ડીંગમાં એક ફ્લેટ પણ મળ્યો, પણ જીવન એકાકી થઈ ગયું. પૈસાનો સદુપયોગ કરી દાન ધરમ કરવાનો વિચારના આવ્યો, ઉલ્ટું સહુને શંકાની નજરે જોતી થઈ ગઈ, જાણે સહુ એનો પૈસો હડપવાની જ તૈયારીમાં હોય!!

મબલખ પૈસો હાથમાં તો આવ્યો, પણ આખું કુટુંબ લોભને કારણે વેરવિખેર થઈ ગયું. કહેવત આવા માણસો પરથી જ પડતી હશે કે, "જેવી કરણી તેવી જ ભરણી."

**તંત્રી લેખ...**

# ડોલર સામે રૂપિયામાં મોટી અફડાતફડી

કરન્સી બજારમાં આજે રૂપિયા સામે ડોલરના ભાવ ઘટતા અટકી ફરી ઉંચકાયા હતા. ડોલરના ભાવ રૂા. ૮૪.૫૦ વાળા આજે સવારે જો કે રૂા. ૮૪.૦૬ ખુલી નીચામાં ભાવ રૂા. ૮૩.૭૬ થયા પછી ભાવ બપોર પછી ફરી ઉછળી ઉંચામાં રૂા. ૮૪.૫૮ થયા પછી છેલ્લે બંધ ભાવ રૂા. ૮૪.૫૩ રહ્યા હતા. ડોલર સામે રૂપિયામાં આજે વ્યાપક અફડાતફડી જોવા મળી હતી.ડ્ોલરના ભાવ આજે ચાલુ બજારે એક તબક્કે ગબડી રૂા. ૮૪ની અંદર ઉતરી જતાં ઓક્ટોબર ૨૦૨૪ પછીની નવી નીચી સપાટી ડોલરમાં તથા નવી ઉંચી સપાટી રૂપિયામાં જોવા મળી હોવાનું બજારના જાણકારો જણાવી રહ્યા હતા. મુંબઇ બજારના જાણકારોના જણાવ્યા મુજબ ડોલરમાં આજે આરંભીક તબક્કામાં વિવિધ વિદેશી બેંકોના વ્યાપક વેચવાલી જોવા મળી હતી. શેરબજાર ઉંચકાતાં તથા દેશમાં ડોલરનો ઈનફ્લો વધતાં તેની અસર પણ કરન્સી બજારમાં રૂપિયા પર પોઝીટીવ દેખાઇ હતી. રૂપિયામાં મંદીવાળાના વેચાણો પણ કપાયા હતા. વિશ્વ બજારમાં વિવિધ પ્રમુખ કરન્સીઓ સામે ડોલરનો વૈશ્વિક ઈન્ડેક્સ આજે ૦.૫૬ ટકા તૂટયો હતો. ડોલરનો ગ્લોબલ ઈન્ડેક્સ ઉંચામાં ૧૦૦.૩૩ તથા નીચામાં ૯૯.૬૩ થઇ ૯૯.૬૯ રહ્યાના નિર્દેશો હતા.યુરોપમાં ફુગાવામાં વૃદ્ધી અપેક્ષાથી વદ્દુ આવી હતી. ડોલર સામે યુરોના ભાવ વિશ્વ બજારમાં ઉંચકાતા ડોલર ઈન્ડેક્સ ફરી ૧૦૦ની સપાટીની અંદર ઉતરી ગયાનું જાણકારો જણાવી રહ્યા હતા. અમેરિકાના ડોબગ્રોથના ડેટા પર બજારની નજર હતી.

# સિટી બસની સમસ્યાને લઈ કોંગ્રેસ દ્વારા મ્યુ.કમિશનરનો ઘેરાવ : રમકડાંની બસો આપતાં પોલીસ સાથે ઝપાઝપી



રાજકોટનાં ઈન્દિરા સર્કલ પાસે સિટી બસના અકસ્માતમાં ચાર વ્યક્તિનાં મોત નીપજયા હતા. તેમજ છેલ્લા થોડા દિવસોથી ૪૫ ડિગ્રી ગરમીનાં કારણે ૧૦૦થી પણ વધારે સિટી બસ બંધ રાખવામાં આવી છે, જેને લઈને કોંગ્રેસના આગેવાનો દ્વારા આજે (૩ મે, ૨૦૨૫) મ્યુ. કમિશનરનો ઘેરાવ કરી વિરોધ કરવામાં આવ્યો હતો. દરમિયાન કમિશનર ઓફિસમાં જ રમકડાંની સિટી બસો આપી વિરોધ કરતા પોલીસ સાથે ઝપાઝપીનાં દ્રશ્યો સર્જાયા હતા. આ તકે મ્યુ. કમિશનર ભાજપનું પીઠું હોવાનો આરોપ કોંગ્રેસ દ્વારા લગાવાયો હતો.પ્રાપ્ત વિગત મુજબ, આજે સિટિબસ મામલે રાજકોટ શહેર કોંગ્રેસ દ્વારા આજે મનપા કમિશનરને ઉગ્ર રીતે રજૂઆત કરવામાં આવી હતી. કોંગ્રેસનાં અગ્રણીઓ રમકડાની બસો લઈ મનપા કમિશનરની ઓફિસમાં દોડી ગયા હતા. સૌપ્રથમ આવેદન આપી કોન્ટ્રાક્ટરની સામે કડક પગલાં લેવાની માગ કરવામાં આવી હતી. બાદમાં કોંગ્રેસના આગેવાનોએ રમકડાંની બસો કાઢી કમિશનરનાં ટેબલ ઉપર મુકવાનો પ્રયાસ કરતા પોલીસ દોડી આવી હતી. જેને લઈને કોંગ્રેસના આગેવાનો અને વિજિલન્સ પોલીસ વચ્ચે ઝપાઝપીનાં દ્રશ્યો સર્જાયા હતા. બાદમાં પોલીસ દ્વારા કોંગ્રેસનાં આગેવાનોને બહાર કાઢવામાં આવ્યા હતા.આ તકે વિપક્ષ નેતા વશરામ સાગઠિયાએ જણાવ્યું હતું કે, આ રાજકોટ મનપાનાં કમિશનર ભાજપનાં પીઠું છે. ભાજપ કહે તેટલું જ કરે છે. સરકારે ખરીદેલી બસો માત્ર ૪૫ ડિગ્રી તાપમાનમાં બંધ થઈ જાય છે. ત્યારે તેમાં કરોડો રૂપિયાનો ભ્રષ્ટાચાર થયો હોવાનું લાગી રહ્યું છે. બસોમાં ખામી હોવા છતાં કોઈ પગલાં લેવામાં આવતા નથી. જેને લઈને આજે આ બસો રમકડાં જેવી હોવાનું કમિશનરને ભાન કરાવવા માટે અમારા દ્વારા રમકડાંની સિટી બસો આપીને વિરોધ કરવામાં આવ્યો હતો. સિટી બસ સેવાનાં નામે કરોડો રૂપિયાનો ભ્રષ્ટાચાર થયો હોવાનો આરોપ પણ તેમણે લગાવ્યો હતો.કોંગ્રેસના આગેવાન રાજદીપસિંહ જાડેજાએ જણાવ્યું હતું કે, મ્યુ. કમિશનરને કોંગ્રેસ દ્વારા આક્રમક રીતે રજૂઆત કરવામાં આવી છે કે એકતરફ લોકો મરી રહ્યા છે, બીજી તરફ આ લોકો એસી ચેમ્બરોમાં બેસીને કોઈપણ પ્રકારની કાર્યવાહી કરતા નથી. તો ભ્રષ્ટાચારમાં ડૂબેલી ભાજપને અધિકારીઓ સપોર્ટ કરી રહ્યા છે, જેનો આજે ઉગ્ર વિરોધ કરવામાં આવ્યો છે. જોકે આ વિરોધ કરવામાં આવતા તરત જ પોલીસને આગળ કરી અમને બહાર કાઢી મુકવામાં આવ્યા છે. કોંગ્રેસ દ્વારા આગામી સમયમાં પણ ઉગ્ર વિરોધ પ્રદર્શન કરવામાં આવશે.શહેર કોંગ્રેસ પ્રમુખ અતુલ રાજાણીએ જણાવ્યું હતું કે, મ્યુ કમિશનરને એક સપ્તાહ પહેલા પણ આવેદન પાઠવી રજૂઆત કરવામાં આવી હતી, પરંતુ આજસુધી કોઈ જ કાર્યવાહી કરવામાં આવી નથી. કોન્ટ્રાક્ટર સામે પગલા લેવામાં આવ્યા નથી. હાલમાં ૧૨૬ જેટલી સિટી બસ બંધ હોવા છતાં કોન્ટ્રાક્ટર સામે પગલાં લેવામાં આવતા નથી. ક્યાંક ભાજપ સાથે તાલમેલ હોય તેવું હાલ લાગી રહ્યું છે.

# થાનગઢમાં ગેરકાયદે ખનન ઝડપાયું:જામવાળી ગામે રાત્રે દરોડો,ટ્રક-લોડર સહિત ૩૬ લાખનો મુદ્દામાલ જપ્ત



થાનગઢ તાલુકાના જામવાળી ગામે ગેરકાયદે ખનન પ્રવૃત્તિ ઝડપાઈ છે. નાયબ કલેક્ટર એચ.ટી.મકવાણા અને પ્રાંત ચોટીલાની ટીમે રાત્રે ૩ વાગ્યે દરોડો પાડ્યો હતો. જામવાળી ગામના વિજયભાઈ અલગોતરની માલિકીના કાર્બોસેલના કુવાઓ પર ચરખી મૂકીને ખોદકામ કરવાની પ્રવૃત્તિ ચાલી રહી હતી. આરોપીઓએ થોડો કોલસો કાઢીને ટ્રકમાં ભરવાનું શરૂ કર્યું હતું. તે જ સમયે અધિકારીઓએ તેમને રંગેહાથ ઝડપી લીધા હતા.

અધિકારીઓએ GJ-03-CU-9468 નંબરનો ટ્રક, એક લોડર, એક ચરખી અને આશરે ૨૦ મેટ્રિક ટન કાર્બોસેલ મળીને કુલ રૂ. ૩૬ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. તમામ વાહનો મામલતદાર કચેરી ચોટીલા ખાતે લઈ જવામાં આવ્યા છે. આરોપીઓ વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે.

# કચ્છ, બનાસકાંઠા અને સાબરકાંઠામાં કમોસમી માવઠાંનું જોખમ

હવામાન વિભાગ દ્વારા આજથી, એટલે કે ૩ મેથી ૭ મે દરમિયાન રાજ્યના અલગ અલગ વિસ્તારોમાં માવઠાંની આગાહી કરી છે, જેમાં કચ્છ, બનાસકાંઠા અને સાબરકાંઠામાં કમોસમી વરસાદની આગાહી કરવામાં આવી છે. આ ઉપરાંત આજથી વાતાવરણમાં પલટો આવવાની સાથે તાપમાનમાં ૨થી ૪ ડિગ્રી જેટલો ઘટાડો થશે તો બીજી તરફ અમદાવાદ અને રાજકોટવાસીઓને ૪૨ ડિગ્રી તાપમાન રહેવાથી ગરમીમાં પરસેવે રેબઝેબ થવાનો વારો આવશે.આજે અમદાવાદ અને આસપાસના વિસ્તારોમાં મહતમ તાપમાન ૪૨ ડિગ્રી સેલ્સિયસ રહેવાની સંભાવના છે તો બીજી તરફ કચ્છ, બનાસકાંઠા, સાબરકાંઠામાં અને સૌરાષ્ટ્રના ભાવનગર અને અમરેલી અને કચ્છના વિસ્તારોમાં ગાજવીજ સાથે છૂટાછવાયા વરસાદની આગાહી કરવામાં આવી છે.ઉલ્લેખનીય છે કે દક્ષિણ-પશ્ચિમ રાજસ્થાન પર અપાર એર સાઇક્લોનિક સર્ક્યુલેશન સર્જાયું છે, જેથી આજથી રાજ્યમાં કેટલાક વિસ્તારોમાં ગાજવીજ અને પવન સાથે કમોસમી વરસાદની આગાહી કરવામાં આવી છે. એને લઈને ખેડૂતોને પણ જે માલસામાન ખુલ્લામાં પડ્યો હોય એને સલામત સ્થળે ખસેડી લેવા અપીલ કરવામાં આવી છે.છેલ્લા ૨૪ કલાક દરમિયાન ગાંધીનગરમાં મહત્તમ તાપમાન સૌથી વધુ ૪૩.૫ ડિગ્રી નોંધાયું હતું. જ્યારે બીજા નંબરે અમદાવાદમાં ૪૩.૪ ડિગ્રી નોંધાયું હતું. આ ઉપરાંત રાજકોટમાં ૪૩.૧ ડિગ્રી, અમરેલીમાં ૪૨.૩ ડિગ્રી અને વડોદરામાં ૪૨.૨ ડિગ્રી તાપમાન નોંધાયું હતું.

# દૂધનો ભાવ વધારો પરત ખેંચવાની માગ સાથે કોંગ્રેસ મેદાને

ગુજરાત કો-ઓપરેટીવ મિલ્ક માર્કેટિંગ ફેડરેશન લિમિટેડ દ્વારા ×અમુલ× દૂધમાં પ્રતિ-લિટર રૂપિયા ૨નો કરવામાં આવેલ ભાવ વધારાના વિરોધમાં આજે વડોદરા શહેર કોંગ્રેસ દ્વારા આજે બરોડા ડેરી ખાતે દૂધનો ભાવ વધારો પરત ખેંચવાના જેવા ભારે સૂત્રોચાર સાથે પ્રદર્શન કર્યું હતું. આ કાર્યક્રમ દરમિયાન કોઈ અપ્રિય ઘટના ન બને તે માટે મકરપુરા પોલીસ સ્ટેશન દ્વારા ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો.ગુજરાત કો-ઓપરેટીવ મિલ્ક માર્કેટિંગ ફેડરેશન લિમિટેડ ×અમુલ× દ્વારા ૧ મેથી અમુલ ગોલ્ડ, શક્તિ, ગાય, તાજા અને સ્લિમ એન્ડ ટ્રીમ જેવા વિવિધ દૂધના ભાવમાં પ્રતિ લિટર રૂપિયા ૨નો ભાવ વધારો કરવામાં આવ્યો હતો. જેના ભાગરૂપે વડોદરા જિલ્લા દૂધ ઉત્પાદક સહકારી મંડળી બરોડા ડેરી દ્વારા પણ પ્રતિ-લિટર રૂપિયા ૨નો ભાવ વધારો કરવામાં આવ્યો હતો. દૂધના ભાવમાં કરવામાં આવેલા ભાવ વધારાના પગલે ગૃહોણીઓના બજેટ ઉપર અસર પહોંચી છે, જેના પગલે સામાન્ય લોકોમાં રોષ ફેલાયો છે.ટૂંકા ગાળામાં જ દૂધના ભાવમાં કરવામાં આવેલા ભાવ વધારાના વિરોધમાં આજે શહેર કોંગ્રેસ પ્રમુખ ઋત્વિજ જોશીની આગેવાનીમાં કોંગ્રેસ કાર્યકરો દ્વારા બરોડા ડેરી ખાતે દૂધનો ભાવ વધારો પરત ખેંચો જેવા સૂત્રોચાર લખેલા બેનરો અને પોસ્ટરો સાથે વિરોધ પ્રદર્શન કર્યું હતું. કાર્યકરો દ્વારા બરોડા ડેરીના ગેટ પાસે કુદકે ને ભૂસકે વધી રહેલી મોંઘવારી માટે જવાબદાર ભાજપ વિરોધી સુત્રોચ્ચાર પણ કર્યા હતા. આ કાર્યક્રમ દરમિયાન કોઈ અપ્રિય ઘટના ન બને તે માટે મકરપુરા પોલીસ સ્ટેશન દ્વારા ચૂસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો.ગુજરાત કો-ઓપરેટીવ મિલ્ક ફેડરેશન દ્વારા કરવામાં આવેલા ભાવ વધારાના પગલે બરોડા ડેરી દ્વારા પણ દૂધના ભાવમાં કરવામાં આવેલા વધારા અંગે શહેર કોંગ્રેસ પ્રમુખ ઋત્વિજ જોશીએ જણાવ્યું હતું કે, કાળઝાળ ગરમીમાં થયેલા દૂધના ભાવમાં વધારો અને દૂધની બનાવટોમાં થયેલા ભાવ વધારાના કારણે ગૃહિણીઓનું બજેટ ખોરવાઈ ગયું છે.




Editor,owner,printer & publisher: Pradip Raval printed at sarvoday offset,13.gajanan estate idgah choky,Ahmedabad & published from 2567,gozaria's pole.Halim's khadki,shahpur.Ahmedabad -380001
તંત્રી ,માલિક, મુદ્રક અને પ્રકાશક : પ્રદીપભાઈ રાવલે સર્વોદય ઓફસેટ.૧૩.ગજાનન એસ્ટેટ.ઇદગાહ ચોકી પાસે.અમદાવાદ.ખાતે છપાવીને ઘર.નં:૨૫૬૭,ગોઝારીયા પોળ,હલીમની ખડકી.શાહપુર.અમદાવાદ-૩૮૦૦૦૧ ખાતેથી.પ્રસિદ્ધ કર્યું